GJSR100004492024

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૫/૦૯/૨૦૨૪ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૦૫/૦૯/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન |
| | ૦૧ ૦૬ ૦૫ |

**ફોજદારી કેસ નં. :– ૩૫૨/૨૦૨૪**
**ચુકાદો આંક :–**

**:: નમૂના – અ ::**

| ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત. | |
|---|---|
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ઈ.પી.કો કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૦૨૨૪૦૧૫૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી એસ. જે. વસાવા. |
| આરોપી પક્ષ | વિપુલભાઈ રમેશભાઈ દુધાત<br>રહે. ૧૯, શાંતીવન સોસાયટી, સરથાણા જકાતનાકા, તા.કામરેજ, જિ.સુરત |
| રજૂઆત | વિ.વકીલશ્રી એ.એલ.વસાવા. |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૦/૦૪/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૫/૦૯/૨૦૨૪ |
| તહોમતનામા / પ્લીની તારીખ | ૦૭/૦૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૬/૦૩/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

## :: આરોપીની વિગત ::

| અનુ. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિપુલભાઈ રમેશભાઈ દુધાત | ૧૩/ ૦૪/ ૨૦૨૪ | ૧૩/ ૦૪/ ૨૦૨૪ | ઈ.પી.કો કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪ | નિર્દોષ | – | – |

## :: જજમેન્ટ ::

**<u>ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:–</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૧૦/૦૪/૨૦૨૪ ના રોજ કલાક ૧૨:૩૦ વાગ્યાના સુમારે મોજે વેલાવી ગામથી ઝાકગામ તરફ જતા રસ્તા ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની હોન્ડા કંપનીની ઝાઝ ગ્રે કલરની ફોર વ્હીલ ગાડી નં.જીજે/૦૧/આર.પી./૯૫૫૬ ની પુરઝડપે અને ગફલતભરી રીતે બેફીકરાઈથી હંકારી આ કામના મરણજનાર રણજીતભાઈ કુલસીંગભાઈ વસાવા નાઓની પોતાના કબજની હીરો કંપનીન સ્પ્લેન્ડર મોટર સાયકલ નંન.જીજે/૨૨/એલ./૨૭૨૦ ની ઉપર બેસી ઝાંક

ગામ થી વેલાવી ગામ તરફ જવા માટે નિકળેલા અને વેલાવી ગામથી ઝાંક ગામ તરફ જતા રસ્તા ઉપરથી પસાર થતા હતા તે વખતે તેની મોટર સાયકલ સાથે અથડાવી રોડ ઉપર પાડી દઈ માથાના ભાગે તથા ગળાના ભાગે શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમિયાન મોત નિપજાવી તેમજ પાછળ બેસેલ સાહેદ કિશનભાઈ છગનભાઈ વસાવા નાઓને શરીરે ઓછીવત્તી ઈજાઓ કરી ગુનો કરી ભારતીય ફોજદારી ધારાની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ. જે મતલબની વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે. જે ફરીયાદના આધારે, ઉમરપાડા પોલીસ સ્ટેશને આરોપી વિરુધ્ધ ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરુરી પુરાવો એક્ત્રિત કરી, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનુ ચાર્જશીટ નામ. કોર્ટ, ઉમરપાડા ખાતે રજુ કરેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતાં, તેઓની સામેના ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે, આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ અન્વયે, આરોપીને ગુના અંગેની સમજ આપી આંક–૦૫ દ્વારા ઉપરોકત ગુન્હાઓ અંગેની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ.

(૩) ફરીયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**:: નમૂનો ક ::**

**–:: ફરીયાદ પક્ષ તર્ફેનો પુરાવો::–**

**મૌખિક પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૦૭ થી ફરીયાદી અરવિંદભાઇ ખાતરીયાભાઈ વસાવાની જુબાની |
| ૦૨ | આંક–૧૧ થી પંચસાહેદ નટવરભાઈ ખાલપાભાઈ વસાવાની જુબાની |

| | |
|---|---|
| ૦૩ | આંક–૧૩ થી પંચસાહેદ રમેશભાઈ ઉકડીયાભાઈ વસાવાની જુબાની |
| ૦૪ | આંક–૧૫ થી પંચસાહેદ રાજેશભાઈ જેઠીયાભાઈ વસાવાની જુબાની |
| ૦૫ | આંક–૧૯ થી સાહેદ કિશનભાઈ છગનભાઈ વસાવાની જુબાની |
| ૦૬ | આંક–૨૩ થી સાહેદ શાંતિલાલભાઈ હીરાભાઈ વસાવાની જુબાની |
| ૦૭ | આંક–૨૫ થી સાહેદ ભીમસીંગભાઈ બાબુભાઈ વસાવાની જુબાની |
| ૦૮ | આંક–૨૬ થી સાહેદ ઇન્દુબેન ફુલસીંગભાઇ વસાવાની જુબાની |
| ૦૯ | આંક–૨૭ થી સાહેદ સંદિપભાઈ બાબુભાઈ વસાવાની જુબાની |
| ૧૦ | આંક–૨૮ થી સાહેદ ફુલસીંગભાઇ કાથુડિયાભાઈ વસાવાની જુબાની |
| ૧૧ | આંક–૨૯ થી સાહેદ દક્ષાબેન રણજીતભાઈ વસાવાની જુબાની |
| ૧૨ | આંક–૩૧ થી તપાસ કરનાર અમલદાર કાળુભાઈ જોખનભાઈ પટેલીયાની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૦૮ થી ગુનાની અસલ ફરીયાદ |
| ૦૨ | આંક–૦૯ થી અસલ મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામું |
| ૦૩ | આંક–૧૨ થી અસલ ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૦૪ | આંક–૩૨ થી લાશ સોપ્યાની રશીદ |
| ૦૫ | આંક–૩૩ અને આંક–૩૪ થી વાહનની યાંત્રિક તપાસ |
| ૦૬ | આંક–૩૫ થી પી.એમ.રીપોર્ટ |
| ૦૭ | આંક–૩૬ થી અસલ મેડીકલ સર્ટીફીકેટ |

**<u>–:: બચાવ પક્ષ તરફે પુરાવો ::–</u>**

(બી) બચાવપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**–:: કોર્ટ તરફે પુરાવો ::–**

(સી) કોર્ટ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**મુદ્દામાલની વિગત :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

(૪) ફરિયાદપક્ષ તરફે પુરાવા રજૂ કર્યા બાદ વિ.એપીપીશ્રી નાઓની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે પુરાવો બંધ થયાનું જાહેર કરતાં આ કામ આરોપીના વધારાના નિવેદન માટે રાખી, આરોપીનું વધારાનું નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો ખોટો છે તેમ જણાવી તેઓએ સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષ હકીકતમાં જણાવેલ છે કે, અમો આરોપી નિર્દોષ છીએ. આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપી તરફે પુરાવાઓ રજૂ કરવાનો હકકપૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ છે.

(૫) હાલના કામે કાર્યવાહીના પક્ષકારો તરફે તેમનો પુરાવો પૂર્ણ થયા બાદ સબબ કામ દલીલો કરવાના તબકકા ઉપર આવતાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તેમજ બચાવ પક્ષે વિ.વકીલશ્રી ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:: ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૪૦ મુજબનું તહોમતનામું ::–**

**–:: મુદાઓ ::–**

**( આરોપી સામેનો ચાર્જ)**

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તા.૧૦/૦૪/ર૦ર૪

ના રોજ કલાક ૧૨:૩૦ વાગ્યાના સુમારે મોજે વેલાવી ગામથી ઝાકગામ તરફ જતા રસ્તા ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની હોન્ડા કંપનીની ઝાઝ ગ્રે કલરની ફોર વ્હીલ ગાડી નં.જીજે/૦૧/આર.પી./૯૫૫૬ ની પુરઝડપે અને ગફલતભરી રીતે બેફીકરાઈથી હંકારી આ કામના મરણજનાર રણજીતભાઈ ફુલસીંગભાઈ વસાવા નાઓની પોતાના કબજની હીરો કંપનીન સ્પ્લેન્ડર મોટર સાયકલ નંન.જીજે/૨૨/એલ./૨૭૨૦ ની ઉપર બેસી ઝાંક ગામ થી વેલાવી ગામ તરફ જવા માટે નિકળેલા અને વેલાવી ગામથી ઝાંક ગામ તરફ જતા રસ્તા ઉપરથી પસાર થતા હતા તે વખતે તેની મોટર સાયકલ સાથે અથડાવી રોડ ઉપર પાડી દઈ માથાના ભાગે તથા ગળાના ભાગે શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમિયાન મોત નિપજાવી તેમજ પાછળ બેસેલ સાહેદ કિશનભાઈ છગનભાઈ વસાવા નાઓને શરીરે ઓછીવત્તી ઈજાઓ કરી ગુનો કરી ભારતીય ફોજદારી ધારાની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્ધાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**-: નિર્ણય :-**

મુદ્ધા નં.૧ નકારમાં.

મુદ્ધા નં.૨ આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

(૮) કોઈપણ ફોજદારી પ્રકીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપી ને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીએ સદર ગુન્હો ન કરેલ હોવાનું

માની આરોપીએ કરેલ ગુન્હામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરુદધ કરવામાં આવતા આક્ષેપો નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂદધ હીમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરૂદધ સ્ટેટ ઓફ યુ.પી. ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઇએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ, પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરીયાદ પક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ.

---

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૨ મુજબનો ફરીયાદ પક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો**

**–:: ઓકયુલર એવીડન્સ ::–**

---

(૯) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને તેઓની

આરોપી તર્ફેના વિ.વ.શ્રી દ્વારા લંબાણપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને આથી સદર સમગ્ર પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોવાથી તેઓની ચર્ચા અત્રે કરવામાં આવતી હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુ માત્રથી ફરીયાદી અને સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને ઉલટતપાસનું સંપૂર્ણ વર્ણન અત્રે કરવામાં આવેલ નથી.

(૯/૧) ફરિયાદપક્ષે આંક–૭ થી ફરીયાદી અરવિંદભાઇ ખાતરીયાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૦/૦૪/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૩૦ વાગે બનેલો. મરણ જનાર રણજીતભાઈ કુલસીંગભાઈ વસાવા મારા મામાનો છોકરો થાય છે. બનાવના દિવસે મારો મામાનો છોકરો ઝાંક ગામથી વેલાવી ગામ બાજુ તેની બાઈક લઈને જતો હતો. તે સમયે તેની સાથે બીજા એક ભાઈ કીશનભાઈ છગનભાઈનાઓ સાથે હતા. તેઓનું વેલાવી ગળનારા પાસે ટર્નીંગમાં ફોર વ્હીલ ગાડી સાથે અકસ્માત થયેલો. બનાવ સમયે હુ અંકલેશ્વરમા હતો. લક્ષ્મણભાઈ કુલસીંગભાઈનાઓએ મને ફોન કરી બનાવની જાણ કરેલ હતી કે "મારા મામાનો છોકરો રણજીતભાઈનું વેલાવી મુકામે અકસ્માત થયેલ છે." બનાવની જાણ થતા હુ બનાવ સ્થળ વેલાવી ગામ પાસે પહોંચેલો. ત્યાં જઈને જોયુ તો ત્યાં અકસ્માત થયેલ બન્ને ગાડી પડેલ હતી. મને મારા મામાના છોકરા રણજીતભાઈનો મોટર સાકયલ નંબર યાદ નથી. મને મારા મામાના છોકરા સાથે અકસ્માત કરનાર ફોર વ્હીલ ગાડીનો નંબર યાદ નથી. હું બનાવ સ્થળે પહોંચેલ ત્યારે મામા મામાના છોકરાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉમરપાડા સરકારી દવાખાનામા લઈ ગયેલ છે તેવી મને જાણ થયેલી. બનાવ સ્થળેથી મને જાણવા મળેલ કે "મારા મામાનો છોકરો તેની સાઈડ પર જતો હતો અને ફોર વ્હીલ ચાલકે રફમા ચલાવી રોંગ સાઈડ સામેથી આવી અકસ્માત કરેલ." બાદ અમોએ બનાવની ફરિયાદ ઉમરપાડા પોલીસ સ્ટેશનમા આપેલી. મને અસલ ફરિયાદ બતાવવામા આવે છે જે જોઈને હું કહુ છું કે તેમા મારી સહી છે જેને હું ઓળખી બતાવુ છું. જેને આ કામે રજૂ દાખલ આંક–૮ આપવામાં આવે છે. હું આરોપીને ઓળખતો નથી. મને આરોપીનુ નામ ખબર નથી. મને અસલ મરણોત્તર પંચનામુ બતાવવામા આવે છે. જેમા મારી સહી છે. જેને હું ઓળખી બતાવુ છું. જેને આ કામે રજૂ દાખલ આંક–૯ આપવામાં આવે છે. આ સહી મેં ઉમરપાડા હોસ્પિટલમાં કરેલી. મે મરણ જનારની લાશ જોયેલ હતી. મરણ જનારને માથાના ભાગે અને ગળાના ભાગે ઈજા થયેલ હતી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે હું અંકલેશ્વર થી આવતો હતો. બનાવની જાણ મને બીજા મારફતે થયેલી. ભોગ બનનાર મારા ગામનો અને મારા મામાનો છોકરો

છે. બનાવવાળો રસ્તો સીંગલ પટ્ટી અને વળાંકવાળો છે. બનાવ મે નજરે જોયેલ નથી તેથી હું કહી શકું નહિં કે બનાવ કોની ભુલને કારણે બનેલો. વાહનના નંબર મને યાદ નથી. કીશનભાઈ છગનભાઈ તેમની સાથે હોઈ તેવી હકીકત મે મારી ફરિયાદમા લખાવેલ નથી. ફરિયાદમા "ફોર વ્હીલર ચાલક રોંગ સાઈડમાં આવતો હોય" તેવી હકીકત લખાવેલ નથી. ફરિયાદ અજાણ્યા ઈસમ સામે આપેલી. મરણ જનારને હું ઓળખતો હોઉ લાશ મે જાતે જોયેલ હતી.

(૯/૨) ફરિયાદપક્ષે આંક-૧૧ થી પંચસાહેદ નટવરભાઈ ખાલપાભાઈ વસાવા નાઓને તથા આંક-૧૩ થી પંચસાહેદ રમેશભાઈ ઉકડીયાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પંચ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. જે અસલ પંચનામું આંક-૧૨ થી રજૂ છે. પંચો પંચનામામાં સહી કર્યા સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામામાં પો.સ્ટે.માં સહી કરાવેલી હતી. આ સિવાય મને કોઈ જાતમાહિતી નથી.

(૯/૩) ફરિયાદપક્ષે આંક-૧૫ થી પંચસાહેદ રાજેશભાઈ જેઠીયાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મને અસલ મરણોત્તર પંચનામુ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે, જેમાં પંચ-૦૧ તરીકે મારી સહી છે. જે ઓળખી બતાવુ છુ, જે અસલ પંચનામુ રજુ દાખલ આંક-૯ આપવામાં આવે છે.પોલિસને મેં આ સહી બારડોલી સરકારી આરોગ્ય કેન્દ્રમાં કરી આપેલી હતી. રણજીતભાઈ ફુલસીંગભાઈ વસાવાનાઓનું મરણોત્તર પંચનામું કરેલ. તેનું માથુ ફાટી ગયુ હતું તે વાતની જાણ મને તેની પત્નિએ કરેલી. મે પોલિસને કઈ લખેલા કાગળમાં સહી કરી આપેલી તે સિવાય હું કઈ જાણતો નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે જે પંચનામુ તૈયાર કરેલુ જેની મને કોઈ

જાતમાહિતી નથી.

(૯/૪) ફરિયાદપક્ષે આંક-૧૯ થી સાહેદ કિશનભાઈ છગનભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કઇ તારીખે કેટલા સમય પહેલા બનેલો તેની મને ખબર નથી. બનાવ સમય હું તથા મારો ભાઈ રણજીતભાઈ બાઈક લઈને વેલાવી ગામ બાજુ જતા ત્યારે વેલાવી અને ઝાંકની વચ્ચે અમો પહોચ્યા ત્યારે અમો અમારી સાઇડ પર જતા હતા ત્યારે એક ફોરવ્હિલ ચાલક પોતાની ફોરવ્હિલ સ્પીડમાં ચાલાવી લાવી અમારી સાઇડ પર આવીને અમારી બાઈક સાથે અકસ્માત કરેલો. બનાવ બનતા અમો પડી ગયેલા જેથી હું બેભાન થઇ ગયેલ. મને છાતીમાં, પેટમાં અને પગમાં વાગેલ હતું. રણજીતભાઈને શું ઈજાઓ થઇ તેની મને ખબર નથી. અમારી બાઈક સાથે અકસ્માત કરનાર ફોરવ્હિલ ગાડીનો નંબર મને ખબર નથી. ફોરવ્હિલ ચાલકને હું જોયેથી ઓળખી શકું નહી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી. બનાવ ક્યા નંબરના વાહનો વચ્ચે બનેલો તેની મને ખબર નથી.

(૯/૫) ફરિયાદપક્ષે આંક-૨૩ થી સાહેદ શાંતિલાલભાઈ હીરાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કઇ તારીખે બનેલો તેની મને ખબર નથી. બનાવના દિવસે સાવરના પાંચ વાગ્યાથી રાતના દસ વાગે ઘરે આવેલો. બનાવ શું બનેલો તેની મને ખબર નથી. હું કોઇ અકસ્માતના બનાવ વિશે જાણતો નથી. સદરહું સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય એપીપીશ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતા ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મને બનાવ બાબતે કોઇ જાત માહિતી નથી તથા પોલીસે મારૂ કોઇ નિવેદન લીધેલ હોય તેવું બનેલ નથી.

(૯/૬) ફરિયાદપક્ષે આંક-૨૫ થી સાહેદ ભીંમસીંગભાઈ બાબુભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મરણ જનાર રણજીતભાઇ કુલસીંગભાઇ મારા બેનવી થાય છે. તેઓ અકસ્માતમાં મરણ ગયેલા.

બનાવ કઇ તારીખે બનેલો તેની મને ખબર નથી. તેઓનો અકસ્માત બે વર્ષ પહેલા ૨૩મી તારીખ આજુ બાજુ થયેલો. બનાવના દિવસે મારા બનેવી ટુ વ્હિલર બાઇક લઇને કિશનભાઇ સાથે ખાપરબુંદા થી વેલાવી ગામ ઘાસચારો લેવા નીકળેલ ત્યારે વેલાવી આવતા પહેલા વળાંક પર તેઓને અકસ્માત ફોર વ્હિલ સાથે થયેલો. બનાવની જાણ અમોને અમારા ગામના સંતોષભાઇએ ફોનથી કરેલી. બનાવની જાણ થતા હું બનાવવાળી જગ્યાએ ગયેલો. બનાવવાળી જગ્યાએથી મારા બનેવી તથા કિશનભાઇને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉમરપાડા સરકારી દવાખાને લાવેલા. મારા બનેવી રણજીતભાઇને માથાના ભાગે ઇજા થયેલી તથા કિશનભાઇનાઓને પેટના ભાગે ઇજા થયેલી. ઉમરપાડાથી મારા બનેવીને બારડોલી સરકારી દવાખાને લઇ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે સુરત યુનિવર્સલ હોસ્પિટલ ખાતે લઇ ગયેલા. મારા બનેવીનો અકસ્માત કેવી રીતે થયેલો તેની મને ખબર નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મને બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો. બનાવ સમયે હું મારા ઘરે હાજર હતો. બનાવ કઇ તારીખે બનેલો તે મને યાદ નથી. સાહેદ જણાવે છે કે મારા બનેવી ૨૩ દિવસ જેવા હોસ્પિટલમાં રહેલા. બનાવ વાળા વાહનોના નંબર મને ખબર નથી. બનાવ વળાંક વાળા રસ્તા પર બનેલો. બનાવવાળો રસ્તો સિગલ રસ્તો છે.

(૯/૭) ફરિયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ ઇન્દુબેન કુલસીંગભાઇ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મરણ જનાર રણજીતભાઇ કુલસીંગભાઇ મારો દિકરો થાય છે. તેઓ અકસ્માતમાં મરણ ગયેલા. બનાવ કઇ તારીખે બનેલો તેની મને ખબર નથી. તેઓનો અકસ્માત બે વર્ષ થવા માં થોડો સમય બાકી છે. બનાવના દિવસે મારો દિકરો ટુ વ્હિલર બાઇક લઇને કિશનભાઇ સાથે ખાપરબુંદા થી વેલાવી ગામ ઘાસચારો લેવા નીકળેલ ત્યારે વેલાવી આવતા પહેલા વળાંક પર તેઓને અકસ્માત ફોર વ્હિલ સાથે થયેલો. બનાવની જાણ અમોને મારા દિકરાની સાસરી માંથી ફોન દ્વારા કરેલી. બનાવવાળી જગ્યાએથી મારા દિકરાને તથા કિશનભાઇને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉમરપાડા સરકારી દવાખાને લઇ ગયેલા. મારા દિકરાને રણજીતભાઇને માથાના ભાગે ઇજા થયેલી તથા કિશનભાઇનાઓને પેટના ભાગે ઇજા થયેલી. ઉમરપાડાથી મારા દિકરાને બારડોલી સરકારી દવાખાને લઇ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે સુરત યુનિવર્સલ હોસ્પિટલ ખાતે લઇ ગયેલા. મારા દિકરાનો અકસ્માત કેવી રીતે થયેલો તેની મને ખબર નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **મને બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો નહી. મારે આ બનાવ બાબતે પોલીસ સ્ટેશને જવાનું થયેલું હોય તેવું બનેલુ નહી.**

(૯/૮) ફરિયાદપક્ષે આંક-૨૭ થી સાહેદ સંદિપભાઈ બાબુભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મરણ જનાર રણજીતભાઈ કુલસીંગભાઈ મારા બેનવી થાય છે. તેઓ અકસ્માતમાં મરણ ગયેલા. બનાવ કઈ તારીખે બનેલો તેની મને ખબર નથી. તેઓનો અકસ્માત દોઢ-બે વર્ષ પહેલા થયેલો. બનાવના દિવસે મારા બનેવી ટુ વ્હિલર બાઈક લઈને કિશનભાઈ સાથે ઘાસચારો લેવા નીકળેલ ત્યારે વેલાવી અને ઝાંકની વચ્ચે તેઓનો અકસ્માત ફોર વ્હિલ સાથે થયેલો. બનાવની જાણ મને મારા મિત્ર જીતુભાઈએ ફોનથી કરેલી. બનાવની જાણ થતા હું બનાવવાળી જગ્યાએ ગયેલો. ત્યાં જઈને જોયું તો મારા બનેવીને માથાના પાછળના ભાગે ઈજા થયેલી અને ત્યાં મારા બનેવી બાઈક અને એક ફોરવ્હિલ પડેલી હતી. થોડીવારમાં મારા બનેવીને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉમરપાડા સરકારી દવાખાને લાવેલા. ત્યાંથી મારા બનેવીને વધુ સારવાર માટે બારડોલી લઈ ગયેલા. ત્યારબાદ સારવાર દરમ્યાન મારા બનેવી મરણ ગયેલ હોવાનું મને જાણવા મળેલું. મારા બનેવીનો અકસ્માત કેવી રીતે થયેલો તેની મને ખબર નથી. મારા બનેવીની બાઈક સાથે અકસ્માત કરનાર ફોરવ્હિલનો નંબર તેમજ તેના ચાલકનું નામ મને ખબર નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **બનાવ સમયે હું બનાવ સ્થળે હાજર ન હતો. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો નહી. બનાવ ક્યા ક્યા નંબરના વાહનો વચ્ચે બનેલો તેની મને ખબર નથી.**

(૯/૯) ફરિયાદપક્ષે આંક-૨૮ થી સાહેદ કુલસીંગભાઈ કાથુડિયાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મરણ જનાર રણજીતભાઈ કુલસીંગભાઈ મારા દિકરો થાય છે. તેઓ અકસ્માતમાં મરણ ગયેલા. બનાવ કઈ તારીખે બનેલો તેની મને ખબર નથી. તેઓનો અકસ્માત બે વર્ષ પહેલા થયેલો. બનાવના દિવસે મારો દિકરો ટુ વ્હિલર બાઈક લઈને કિશનભાઈ સાથે ઘાસચારો લેવા નીકળેલ ત્યારે વેલાવી અને ઝાંકની વચ્ચે તેઓનો અકસ્માત ફોર વ્હિલ સાથે થયેલો. બનાવની જાણ મને ઝાંકથી કોઈ વ્યકિતએ ફોનથી કરેલી અને મને જાણવા મળેલું કે મારા દિકરાને ઉમરપાડા સરકારી દવાખાને લાવેલ છે. જેથી હું ઉમરપાડા

સરકારી દવાખાને આવેલો. ત્યાં જઇને જોયું તો મારા દિકરાને માથાના ભાગે વાગેલું હતું. ઉમરપાડાથી વધુ સારવાર માટે બારોડલી અને બારડોલી થી સુરત લઇ ગયેલા. મારા દિકરાની ૨૧ દિવસ સારવાર ચાલેલી અને ૨૨ માં દિવસે તે મરણ ગયેલો. મને ફોનથી જાણવા મળેલ હતું કે મારો દિકરો તેની સાઇડ પર બાઇક લઇને જતો હતો અને ફોરવ્હિલ વાળો તેની સાઇડ પર આવીને અકસ્માત કરેલો. મારા દિકરાની બાઇક સાથે અકસ્માત કરનાર ફોરવ્હિલનો નંબર તેમજ તેના ચાલકનું નામ મને ખબર નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ જવાબ પોલીસે કઇ તારીખે લીધેલો તે ચોક્કસ યાદ નથી મારા દિકરાના હોસ્પિટલમાં દાખલ કરેલો હતો હું માનસિક આઘાતમાં હતો. ત્યારબાદ મારે પોલીસ સ્ટેશન જવાનું બનેલુ નહી. બનાવ ક્યા ક્યા નંબરના વાહનો વચ્ચે બનેલો તેની મને ખબર નથી. હાલના બનાવની જાણ મને બીજા દ્વારા ફોનથી થયેલી. બનાવની જાણ થતા હું ઉમરપાડા હોસ્પિટલ ગયેલો બનાવવાળી જગ્યાએ ગયેલ નહી. બનાવવાળો રસ્તો સિંગલ રસ્તો છે.

(૯/૧૦) ફરિયાદપક્ષે આંક-૨૯ થી સાહેદ દક્ષાબેન રણજીતભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મરણ જનાર રણજીતભાઇ કુલસીંગભાઇ મારા પતિ થાય છે. તેઓ અકસ્માતમાં મરણ ગયેલા. બનાવ તા.૧૦/૦૪/૨૦૨૪ ના રોજ બનેલો બનાવના દિવસે મારો પતિ ટુ વ્હિલર બાઇક લઇને કિશનભાઇ સાથે ઘાસચારો લેવા ખાપરબુંદા થી વેલાવી જવા નીકળેલ ત્યારે વેલાવી અને ઝાંકની વચ્ચે તેઓનો અકસ્માત ફોર વ્હિલ સાથે થયેલો. બનાવની જાણ મને મારા ભાઈ ભીમસીંગભાઇએ ફોનથી કરેલી અને મને જાણવા મળેલું કે મારા પતિને ઉમરપાડા સરકારી દવાખાને લાવેલ છે. જેથી હું ઉમરપાડા સરકારી દવાખાને આવેલી. ત્યાં જઇને જોયું તો મારા પતિને માથાના ભાગે વાગેલું હતું. ઉમરપાડાથી વધુ સારવાર માટે બારોડલી અને બારડોલી થી સુરત લઇ ગયેલા. મારા પતિની ૨૧ દિવસ સારવાર ચાલેલી અને ૨૨ માં દિવસે તે મરણ ગયેલો. મને મારા દિયર અરવિંદભાઇ પાસેથી જાણવા મળેલ હતું કે મારા પતિ તેની સાઇડ પર બાઇક લઇને જતો હતો અને ફોરવ્હિલ વાળો તેની સાઇડ પર આવીને અકસ્માત કરેલો. મારા પતિની બાઇક સાથે અકસ્માત કરનાર ફોરવ્હિલનો નંબર તેમજ તેના ચાલકનું નામ મને ખબર નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ જવાબ પોલીસે બનાવના બે-ત્રણ દિવસ બાદ લીધેલો. ત્યારબાદ મારે પોલીસ સ્ટેશન જવાનું બનેલુ નહી. બનાવ ક્યા ક્યા નંબરના

વાહનો વચ્ચે બનેલો તેની મને ખબર નથી. સાહેદ જણાવે છે કે ભુલી ગયેલ છું. હાલના બનાવની જાણ મને ફોનથી મારા ભાઇ ભીમસીંગભાઇએ જણાવેલ તેવી હકીકત મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. બનાવ સ્થળે હું ગયેલ નથી.

(૯/૧૧) ફરિયાદપક્ષે આંક-૩૧ થી તપાસ કરનાર અમલદાર કાળુભાઈ જોખનભાઈ પટેલીયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં હું નિવૃત જીવન ગુજારુ છું. તા.૧૦/૦૪/૨૦૨૪ના રોજ ઉમરપાડા પો.સ્ટે. ગુના. રજી.નં. ફસ્ટ ૦૧૫૨/૨૦૨૪, ઈ.પી.કો. કલમ-૨૭૯,૩૩૮,૩૩૭ અને એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪, મુજબના ગુનાની તપાસ અમોને સોપતા તે સંભાળી લઇ તપાસના કામે મળેલ ફરીયાદ વંચાણે લઈ મરણોત્તર પંચનામુ અમોએ બે પંચોની હાજરી માં કરેલુ. મને આં૪-૭ વાળુ અસલ મરણોત્તર પંચનામું આજરોજ મને બતવવામાં આવે છે જે જોઈને કહું છું કે તેમાં મારી તથા પંચોની સહી જે ઓળખી બતાવુ છું. ગુનાના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલુ. તેમજ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ મરણ જનારની લાશ તેમના પરીવાર જનોની સોપ્યા અંગેની રસીદ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે અસલ રસીદ મને બતાવવામાં આવે છે. જે જોઇને કહુ છુ કે, તે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. જે રજુ દાખલ આંક-૩૨ આપવામાં આવે છે. અમોએ અકસ્માત થયેલ વાહનોનો યાંત્રીક તપાસ કરી આર.ટી.ઓ. બારડોલીનાઓ દ્રારા કરાવડાવી તેના રીપોર્ટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે અસલ રીપોર્ટ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છું કે તે તપાસના કામે મેળવેલ તે જ છે. જેને દાખલ આંક અનુક્રમે આંક-૩૩ અને આંક-૩૪ આપવામાં આવે છે. મરણ જનારની લાશનો પી.એમ. રીપોર્ટ તપાસના કામે સામેલ રાખેલ જે અસલ પી.એમ.રીપોર્ટ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે તપાસના કામે મેળવેલ તે જ છે. જેને દાખલ આંક આંક-૩૫ આપવામાં આવે છે. મે ઈજા પામનાર કીશનભાઈ છગનભાઈ વસાવાનાઓનુ સારવાર સર્ટી ન્યુ સિવિલ હોસ્પિટલ સુરતમાંથી મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે મેડીકલ સર્ટીફીકેટ અસલ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તે તપાસના કામે મેળવેલ તે જ છે. જે રજુદાખલ આંક-૩૬ આપવામાં આવે છે. ત્યારબાદ ઈજા પામનાર મરણ ગયેલ નામદાર અદાલતમાં આઇ.પી.સી.કલમ ૩૦૪(અ)નો ઉમેરાનો રીપોર્ટ કરેલ જે નામદાર અદાલત દ્રારા મંજુર કરવામાં આવેલ. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતા આરોપી સામે ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. આરોપીને જોયેથી ઓળખું છું જે આજરોજ નમદાર કોર્ટમાં હાજર નથી. બચાવ પક્ષ તરફે આરોપીનો મુક્તિ રીપોર્ટ આપી ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે ગુના અંગેની ફરિયાદ અજાણ્યા ઈસમ વિરુધ્ધ આપેલ છે. ઝાક થી વેલાવી વાળો રસ્તો સિંગલ રસ્તો તેમજ વળાંક વાળો અને ખાડા ખાબોચીયા વાળો છે. હાલના કામના સાહેદો મરણજનારના કુટુંબના સભ્યો છે.

---

**:: ભારતિય પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ રેકર્ડ પર આવેલ પુરાવાનું મૂલ્યાંકન ::**

---

(૧૦) આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આ કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત એ છે કે, આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. હાલના આ કેસ સંબંધિત ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ કરતાં ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રકિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબીત તથા નાસાબીત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકિકતનું અસ્તીત્વ કે બીનઅસ્તીત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધીત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં, આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસૂરવાન ઠેરવી શકાય નહિં. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આક્ષેપિત

ગુનો સાબીત કરે નાસાબીત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મૂલ્યાંકનનો ભાગ છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

**(૧૧)** હાલના કામે આક્ષેપ કરવામાં આવેલ હકીકતો નું બારીકાઈથી મૂલ્યાંકન કરવા માટે કરવામાં આવેલી કાયદાકીય પરીસ્થિતિ તથા કાયદાકીય જોગવાઈઓ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખી પુરાવાનું મુલ્યાંકન કરવુ જરૂરી છે.

**(૧૧.૧)** આમ, હાલના કેસમાં આરોપી ઉપર ફરમાવેલ તહોમતનામા મુજબ ઈ.પી.કો. કલમને વંચાણે લેતાં હવે એ જોવુ રહયુ કે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે આરોપીઓ વિરુધ્ધ પુરવાર કરી શકેલ છે કે કેમ? સૌપ્રથમ હાથ પરના કેસમાં ઉપરોકત આવશ્યક તત્વોની ચર્ચા પડેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લઈ ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ પ્રથમ આવશ્યક તત્વો પુરવાર થયેલ છે કે કેમ તેની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>રેકર્ડ પરના પુરાવાનું સમગ્રતયા મુલ્યાંકન :-</u>**

**<u>મુદ્દા નંબર-૦૧ તથા ૦૨ ની સંયુકત ચર્ચા:-</u>**

**(૧૨)** ફરિયાદપક્ષે આંક-૦૭ થી ફરિયાદી અરવિંદભાઈ ખાતરીયાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. સદરહું ફરિયાદી ધ્વારા બનાવમાં અકસ્માત થયેલ હોવાની તથા સાહેદ રણજીતભાઈ ફુલસીંગભાઈ વસાવાને ઈજા તથા મરણ ગયેલ હોવાની તથા સાહેદ કિશનભાઈને ઈજા થયેલ હકીકત જણાવેલ છે. સદરહું ફરિયાદીને બનાવની જાણ ફોનથી થયેલ હોવાની તથા તેઓ બનાવ સમયે, બનાવ સ્થળે હાજર ન હોય તે હકીકતનો પણ સ્વીકાર કરેલ છે. સદર ફરિયાદી

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવની જાણ તેઓને બીજા મારફતે થયેલી, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, કીશનભાઈ છગનભાઈ તેમની સાથે હોઈ તેવી હકીકત મે મારી ફરિયાદમાં લખાવેલ નથી, ફરિયાદમાં ફોર વ્હીલર ચાલક રોન્ગ સાઈડમાં આવતો હોય તેવી હકીકત લખાવેલ નથી. આમ, સદરહું ફરિયાદી બનાવ સમયે, બનાવ સ્થળે તથા બનાવ નજરે જોનાર સાહેદ ન હોય તેઓનો પુરાવો હિયરસે સ્વરૂપનો થઈ રહે છે અને તેથી જ સદરહુ ફરિયાદીના પુરાવાથી ફરિયાદપક્ષ અકસ્માતમાં સંડોવાયેલ વાહનોના નંબર તથા તેના ચાલકની ઓળખ અને અકસ્માતના સંજોગો, આરોપીનું પુરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી અકસ્માત કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવી શકે તેમ નથી. જેથી સદરહું ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષને સીધી રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૩) ફરિયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ કિશનભાઈ છગનભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં બનાવ સમયે તેઓ મરણજનારની મોટર સાયકલ પર સવાર હતા જેથી તેમનો પુરાવો અતિ મહત્વનો બની રહે છે. તેઓ ફોરવ્હીલ ગાડી વાળાએ અકસ્માત કરેલ હોવાનું જણાવેલ છે. સબબ કામેની ફરિયાદ વંચાણે લેતાં ફરિયાદી ધ્વારા તેઓની ફરિયાદમાં સાહેદ કિશનભાઈ છગનભાઈ વસાવા નાઓ બનાવ સમયે મરણજનારની સાથે હોય અને તેઓને ઈજા થયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. માત્રને માત્ર ફરિયાદી ધ્વારા તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, કિશનભાઈ નાઓ મરણજનારની સાથે હતા. આમ, સદર સાહેદ કિશનભાઈ છગનભાઈ વસાવા નાઓ અકસ્માત સમયે મરણજનારની સાથે હોવાની હકીકત પાછળથી જણાવેલ હોવાનું જણાઈ આવે છે. હાલના કામે ફરિયાદપક્ષે આંક–૩૬ થી સદર કિશનભાઈ છગનભાઈ વસાવાનાઓનુ સારવાર સર્ટીફિકેટ રજૂ રાખેલ છે. જે વંચાણે લેતા તેઓને તા.૧૦/૦૪/૨૦૨૪ ના રોજ કલાક ૧૨:૩૦ વાગેના અરસામાં વેલાવી ઝાંક ગામે રોડ અકસ્માત થયેલ હોવાનું જણાવેલ છે અને તે અનુસંધાને તેઓને સારવાર મેળવેલ છે. આમ, ફરિયાદી ધ્વારા તેઓની ફરિયાદમાં સદર સાહેદની હકીકત જણાવેલ નથી, પરંતુ રજૂ સારવાર સર્ટીફિકેટ આધારે સાહેદ અકસ્માતના બનાવમાં ઈજા પામેલ હોવાનું જણાઈ

આવે છે. સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલ નથી, બનાવ કયા નંબરના વાહનો વચ્ચે બનેલો તેની મને ખબર નથી. આમ, સદર સાહેદ બનાવ સમયે, બનાવ સ્થળે હાજર અને બનાવમાં ઈજાપામનાર સાહેદ છે, પરંતુ સદર સાહેદની જુબાનીથી ફરિયાદપક્ષ અકસ્માતમાં સંડોવાયેલ વાહનોના નંબર તથા તેના ચાલકની ઓળખ અને અકસ્માતના સંજોગો, આરોપીનું પુરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી અકસ્માત કરેલ હોવાની હકીકત રેકર્ડ પર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી. જેથી સદરહું સાહેદનો પુરાવો ફરિયાદપક્ષને આરોપી પરનુ તહોમત પુરવાર કરવામાં મદદરૂપ થઈ શકે તેમ નથી.

**(૧૪)** સબબ કામે ફરિયાદપક્ષે આંક–૨૫ થી સાહેદ ભીંમસીંગભાઈ બાબુભાઈ વસાવા, આંક–૨૬ થી સાહેદ ઇન્દુબેન કુલસીંગભાઇ વસાવા, આંક–૨૭ થી સાહેદ સંદિપભાઈ બાબુભાઇ વસાવા, આંક–૨૮ થી સાહેદ કુલસીંગભાઇ કાથુડિયાભાઈ વસાવા, આંક–૨૯ થી સાહેદ દક્ષાબેન રણજીતભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદો દ્વારા નાઓને તપાસેલ છે. તેઓ દ્વારા બનાવમાં અકસ્માત થયેલ હોવાની તથા સાહેદને ઈજા તથા મરણ ગયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે, પરંતુ બનાવ સમયે સદર સાહેદ હાજર ન હોય અને બનાવની જાણ તેઓને ફોનથી થયેલ હોય, સદરહું સાહેદનો પુરાવો હિયરસે સ્વરૂપનો થઈ રહે છે. જેથી સદર સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ શાંતિલાલભાઈ હીરાભાઈ વસાવા નાઓને તપાસેલ છે. તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને બનાવની જાતમાહીતી નહી હોવાની હકીકત જણાવેલ છે. સબબ કામે ફરિયાદપક્ષે આંક–૧૧ થી પંચસાહેદ નટવરભાઈ ખાલપાભાઈ વસાવા નાઓને તથા આંક–૧૩ થી પંચસાહેદ રમેશભાઈ ઉકડીયાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદો દ્વારા આંક–૧૨ થી રજૂ ગુનાવાળી જગ્યાના પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આમ, સદર પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, તેઓનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ

નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૫ થી પંચસાહેદ રાજેશભાઈ જેઠીયાભાઈ વસાવા નાઓને તપાસેલ છે. તેઓ ધ્વારા આંક–૦૯ થી રજૂ ઈન્કવેસ્ટ પંચનામામા સહી ઓળખી બતાવેલ છે તથા મરણજનારનુ માથુ ફાટી ગયેલ હોય તેમ જણાવેલ છે. સદર સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે જે પંચનામુ તૈયાર કરેલ તેની મને કોઈ જાતમાહીતી નથી. આમ, સદર સાહેદનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૫) ફરિયાદપક્ષે તપાસ કરનાર અમલદારને તપાસેલ છે, તેઓ ધ્વારા યોગ્ય તપાસ કરી હાલના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે. સદર તપાસ કરનાર અમલદાર તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી જણાવેલ છે. પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ બનાવ સમયે હાજર તથા બનાવ નજરે જોનારના પુરાવામાં હાલના કામના આરોપીએ તેઓના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, એકમાત્ર તપાસ કરનાર અમલદારના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૬) ઉપરોકત હકીકતે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનુ મુલ્યાંકન કરતાં અકસ્માત થયેલ હોવાની અને તેમાં સાહેદને ઈજા તથા મૃત્યુ થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલના કામે અટક કરવામાં આવેલ આરોપીની અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલક તરીકે ઓળખ પ્રસ્થાપિત થયેલ નથી અને અકસ્માતનો બનાવ વાહનના ચાલકની પુરઝડપે અને બેદરકારી થકી જ થયેલ છે તેવી કોઈ સ્પષ્ટ હકીકત સાહેદોના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી.

(૧૭) વધુમાં ફરિયાદપક્ષે હાલના કામે પી.એમ. નોટ તથા ઈજાપામનારનુ સારવાર સર્ટીફિકેટ રજૂ કરેલ છે. સદર દસ્તાવેજો અનુસંધાને હાલના કામના મરણજનાર સાહેદના શરીરે ઈજા થયેલ હોવાનું તથા તેઓ મરણ ગયેલ તથા અન્ય સાહેદને ઈજા થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે, પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ કોઈપણ સાહેદો ધ્વારા હાલના કામના આરોપીએ અકસ્માત કરી સાહેદનું મોત

નિપજાવેલ / ઈજા પહોંચાડેલ હોવાની હકીકત રેકર્ડ પર જણાવેલ ન હોય, સદરહું દસ્તાવેજો આંકે પડેલ હોવા છતાં ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૮) હાથ પરના કેસમાં અકસ્માત આરોપી ધ્વારા બેફામપણે અને બેદરકારીપુર્વક હંકારી કરેલ હોવાનુ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. વાહન અકસ્માતને લગતા કેસમાં બેફામપણે એટલે કે, બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવા સંભવ હોય તે રીતે બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરિયામ રસ્તા ઉપર કોઈ વ્યકિત વાહન ચલાવે તેવો પુરાવો આવે તો, ઈ.પી.કો.કલમ ૨૭૯ (ભારતીય ન્યાય સંહિતા કલમ ૨૮૧) મુજબનો ગુનો પુરવાર થયેલ તેમ ગણી શકાય. વધુમાં, અકસ્માતને લગતા કેસમાં '' રેસઈપ્સા લોકયુટર'' નો સિધ્ધાંત લાગુ પડે છે. ક્રિમીનલ ટ્રાયલમાં '' રેસઈપ્સા લોકયુટર '' નો સિધ્ધાંત લાગુ પડતો નથી પરંતુ અકસ્માતને લગતા કેસ તે અપવાદમાં ગણાય છે. નામદાર ઓરિસ્સા વડી અદાલતે '' બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ ''૧૯૯૪ ક્રિ. લો. જ. પેજ નં. ૩૮૯ માં એમ ઠરાવેલ છે કે, (A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgment, not sufficient - Accident resulting in death Failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal. વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other

person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are :

(i) Rash and negligent driving or riding on a public way.

The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section 279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without_consideration of any consequence.

(૧૯) આમ, ઉપરોકત ચર્ચા કરેલ કાયદાની પરિસ્થિતિ, ચર્ચેલ ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતો તથા હાલના આ કામે રજુ થયેલ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, હાલનાં આરોપીએ બનાવ સમયે બેદરકારીભરી રીતે વાહન ચલાવતા હોવાનું જણાઈ આવતુ નથી. આમ, રેસનેસ કે નેગ્લીજન્સના તત્વોનો આ કેસનો પુરાવો જોતા અભાવ જોવા મળે છે. વધુમાં નામદાર કલકતા ઉચ્ચ અદાલતે ૧૯૭૫ (૭૧) કલકતા એલ.ટી. ૨૭૫ ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, "The burden is on procecutions to establish beyond reasonable doubt that the vehicle was being driven in a rash and negligent manner. What is rash or negligent driving would depend upon facts and circumstances of each case.

No hard and fast rule can be drawn." આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર કલકતા હાઈકોર્ટે ઠરાવ્યું છે કે ફકત વાહનની સ્પીડ હોવાથી તે નેગ્લીજન્સમાં પરીવર્તીત થતું નથી. પરંતુ 'નેગ્લીજન્સી ઈન હોલ', એટલે કે સ્પીડની સાથે સાથે કઈ ડીગ્રીથી બેદરકારી થયેલ છે તે પણ જોવું અનિવાર્ય છે. સબબ કામનો સમગ્ર પુરાવો જોતાં આ કામે અકસ્માત થયાનું જણાય છે તેમજ અકસ્માતમાં સાહેદને ઈજા તથા મરણ ગયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષે કોઈપણ જગ્યાએ બેફામ અને ગફલતભરી તેમજ બેદરકારી પુર્વક આરોપીએ વાહન ચલાવેલ હોય તેવો કોઈ પ્રત્યક્ષ અને આરોપીને આ ગુન્હાના કામે સાંકળતો સીધો પુરાવો પ્રોસીકયુશન રજુ કરી શકેલ નથી.

**<u>ઉપસંહાર :–</u>**

(૧૯) આમ, આ કામે રેકર્ડ પરના સમગ્ર પુરાવાઆનું બારીકાઇ થી મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે આરોપીએ '' RASH & NEGLIGENT '' મેનરમાં ચલાવી અકસ્માત કરેલ હોઈ તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧, ૧૦૨ મુજબ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે. જે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, તા.૧૦/૦૪/૨૦૨૪ ના રોજ કલાક ૧૨:૩૦ વાગ્યાના સુમારે મોજે વેલાવી ગામથી ઝાકગામ તરફ જતા રસ્તા ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની હોન્ડા કંપનીની ઝાઝ ગ્રે કલરની ફોર વ્હીલ ગાડી નં.જીજે/૦૧/આર.પી./૯૫૫૬ ની પુરઝડપે અને ગફલતભરી રીતે બેફીકરાઈથી હંકારી આ કામના મરણજનાર રણજીતભાઈ કુલસીંગભાઈ વસાવા નાઓની પોતાના કબજની હીરો કંપનીન સ્પ્લેન્ડર મોટર સાયકલ નંન.જીજે/૨૨/એલ./૨૭૨૦ ની ઉપર બેસી ઝાંક ગામ થી વેલાવી ગામ તરફ જવા માટે નિકળેલા અને વેલાવી ગામથી ઝાંક ગામ તરફ જતા રસ્તા ઉપરથી પસાર થતા હતા તે વખતે તેની મોટર સાયકલ સાથે અથડાવી રોડ ઉપર પાડી દઈ માથાના ભાગે તથા ગળાના ભાગે શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમિયાન મોત નિપજાવી તેમજ પાછળ બેસેલ સાહેદ કિશનભાઈ છગનભાઈ વસાવા નાઓને શરીરે ઓછીવત્તી ઈજાઓ કરી ગુનો કરેલ હોય તેવી ફરીયાદ હકીકતને ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામાં

નિષ્ફળ નિવડેલ હોઈ **મુદ્દા નં.૦૧ નો નિર્ણય નકારમાં** આપી **મુદ્દા નં.૦૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

૧. આ કામના આરોપી – વિપુલભાઈ રમેશભાઈ દુધાત, રહે. ૧૯, શાંતીવન સોસાયટી, સરથાણા જકાતનાકા, તા.કામરેજ, જિ.સુરત નાઓને તેઓની સામેના ગુન્હા ભારતિય ફોજદારી ધારાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તેમજ મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫(૧) અન્વયે ગુન્હા સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ અન્વયે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સદઘર જામીન અપીલ પીરીયડ સુધીના રજૂ રાખવા કે અગાઉના જામીન ચાલુ રાખવા સબબની પુરશીસ રજૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૯[મી], માહે માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )
જ્યુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )